https://www.freshersnow.com/previous-year-question-papers/

This Booklet contains **20** printed pages.
इस पुस्तिका में **20** मुद्रित पृष्ठ हैं।

# AK14II

**Test Booklet No.**
**परीक्षा पुस्तिका संख्या**

## PAPER—II / प्रश्न-पत्र—II

## GUJARATI LANGUAGE SUPPLEMENT / गुजराती भाषा परिशिष्ट

**PART—IV & V / भाग—IV & V**

**Test Booklet Code**
**परीक्षा पुस्तिका संकेत**

**M**

Do not open this Test Booklet until you are asked to do so.
इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए।

Read carefully the Instructions on the Back Cover (Pages 19 & 20) of this Test Booklet.
इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए गए निर्देशों को ध्यान से पढ़ें।

**For Instructions in Gujarati see Page 2 of this Booklet.**
**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें।**

### *Instructions for Candidates :*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part—IV (Language—I) **OR** Part—V (Language—II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Part—I, and Part—II OR III from the Main Test Booklet and Parts—IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part—IV and Part—V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Blue/Black Ballpoint Pen only** for writing particulars on this page/marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **M**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **Two** Parts—IV and V, consisting of **60** Objective-type Questions and each carrying 1 mark :

   Part–IV : Language–I (Gujarati) (Q. Nos. 91–120)
   Part–V : Language–II (Gujarati) (Q. Nos. 121–150)
7. Part–IV contains 30 questions for Language–I and Part–V contains 30 questions for Language–II. In this Test Booklet, only questions pertaining to Gujarati Language have been given. **In case the language(s) you have opted for as Language–I and/or Language–II is a language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that Language. The languages being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part–V (Language–II) in a language other than the one chosen as Language–I (in Part–IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

### *परीक्षार्थियों के लिए निर्देश :*

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है उन परीक्षार्थियों के लिए जो या तो भाग—IV (भाषा—I) **या** भाग—V (भाषा—II) का उत्तर गुजराती भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं**।
2. परीक्षार्थी भाग—I, एवं भाग—II या III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग—IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग—IV व भाग—V के अन्तर्गत दिए गए हैं। भाषा परिशिष्ट को आप अलग से माँग सकते हैं।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर-पत्र पर निशान लगाने के लिए केवल **नीले/काले बॉलपॉइंट पेन** का प्रयोग करें।
5. इस भाषा पुस्तिका का **संकेत M** है। यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर-पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है। अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग—IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं तथा प्रत्येक 1 अंक का है :

   भाग–IV : भाषा–I (गुजराती) (प्रश्न सं० 91–120)
   भाग–V : भाषा–II (गुजराती) (प्रश्न सं० 121–150)
7. भाग–IV में भाषा–I के लिए 30 प्रश्न और भाग–V में भाषा–II के लिए 30 प्रश्न दिए गए हैं। इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से सम्बन्धित प्रश्न दिए गए हैं। **यदि भाषा–I और/या भाषा–II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है/हैं, तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लें। जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए।**
8. **परीक्षार्थी भाग–V (भाषा–II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा–I (भाग–IV) में चुनी गई भाषा से भिन्न हो।**
9. रफ़ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें।
10. सभी उत्तर केवल OMR उत्तर-पत्र पर ही अंकित करें। अपने उत्तर ध्यानपूर्वक अंकित करें। उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है।

Name of the Candidate (in Capitals) : ____________________
परीक्षार्थी का नाम (बड़े अक्षरों में)

Roll Number (in figures) : ____________________
अनुक्रमांक (अंकों में)

(in words) : ____________________
(शब्दों में)

Centre of Examination (in Capitals) : ____________________
परीक्षा-केन्द्र (बड़े अक्षरों में)

Candidate's Signature : ____________________
परीक्षार्थी के हस्ताक्षर

Invigilator's Signature : ____________________
निरीक्षक के हस्ताक्षर

Facsimile signature stamp of Centre Superintendent ____________________

**06-II**

https://www.freshersnow.com/previous-year-question-papers/

આ પુસ્તિકામાં **20** પાનાં છે

# AK14II

પરીક્ષા પુસ્તિકા સંકેત

**M**

## પેપર—II

## ગુજરાતી ભાષા પરિશિષ્ટ

## ભાગ—IV & V

આ પરીક્ષા પુસ્તિકાને કહેવા પહેલા ખોલવું નહિ.

આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાચો.

***પરીક્ષાર્થિઓ માટે દિશા નિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, તે પરીક્ષાર્થી માટે જે ભાગ—IV (ભાષા—I) **અથવા** ભાગ—V (ભાષા—II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ **ફક્ત એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ—I અને ભાગ—II અથવા III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ—IV અને V ના ઉત્તર તેમણે ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ—IV અને ભાગ—V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર વિવરણ અંકિત કરવા તથા ઉત્તરપત્રિકામાં નિશાન લગાડવા માટે માત્ર બ્લૂ/કાળા બૉલ પોઈંટ પેનનો જ પ્રયોગ કરી શકે છે।
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) **M** છે. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરિક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ સૂચિત કરે.
6. આ પુસ્તિકામાં બે ભાગ—IV અને V છે. જેમાં કુલ **60** વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :

   ભાગ—IV : ભાષા—I (ગુજરાતી) (પ્રશ્ન સં. 91–120)

   ભાગ—V : ભાષા—II (ગુજરાતી) (પ્રશ્ન સં. 121–150)
7. ભાગ—IV માં ભાષા—I માટે 30 પ્રશ્ન અને ભાગ—V માં ભાષા—II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા—I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપને ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવા જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ—V (ભાષા—II) માટે ભાષા સૂચીમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા—I (ભાગ—IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આ માટે આપેલ ખાલી જગ્યામાં જ કરવું.
10. બધા ઉત્તર માત્ર ઓ. એમ. આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ______________________

અનુક્રમાંક (અંકોમાં) : ______________________

(શબ્દોમાં) : ______________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ______________________

પરીક્ષાર્થી દસ્તખત : ______________ નિરીક્ષક દસ્તખત : ______________

Facsimile signature stamp of Centre Superintendent ______________________

https://www.freshersnow.com/previous-year-question-papers/

https://www.freshersnow.com/previous-year-question-papers/

પરીક્ષાર્થી નિમ્ન ભાગના સવાલોના જવાબ ત્યારે જ આપે જ્યારે તેમણે ભાષા—**I**નો વિકલ્પ ગુજરાતી પસંદ કર્યો હોય

https://www.freshersnow.com/previous-year-question-papers/

## ભાગ—IV : ભાષા—I

## ગુજરાતી

*સૂચના:* નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (પ્રશ્ન **91–99**) :

પશા પટેલનું ઘર. ઘર પાછળ મોટો વાડો. વાડામાં લીલાછમ ઝાડ અને પાન. ત્યાં રહેતો એક દેડકો, નામ એનું ડબુ. ખાઇ-પીને તગડો બની ગયેલો. આખો દિવસ આળસુ થઇને વાડામાં પડી રહે. ના ફરવા નીકળે કે ના કૂદકા માટે ને ડંફાસ મારવામાંથી ઊંચો આવતો નહીં. વાડામાં રહેતા બીજા દેડકા તેને આળસુનો પીર કહેતા. ડબુ ભલે ભલે કહી હસી કાઢતો અને કહેતો કે, ''આપણે મહેનત કરવામાં માનતા નથી. મને બેઠા-બેઠા ખાવાનું મળી રહે છે. કોઇ મારું નામ લે તો ઊંચકીને પછાડું.'' બધા દેડકા તેની ડંફાસ સાંભળીને હસી પડતા અને ચાલ્યાં જતાં.

એવામાં ચોમાસું આવ્યું. નાની નાની દેડકીઓ વાડામાં કૂદકા મારવા લાગી. ચોમેર ઠંડક થઈ ગઈ. ડબુ ખાડામાંથી બહાર આવ્યો. કેટલીક દેડકીઓ તેની પાસે ગઇ અને કહેવા લાગી, ડબુકાકા બધા કેવા વરસાદમાં હરે છે, ફરે છે, ''ડ્રાંઉં ડ્રાંઉં કરી ગીતો ગાય છે. તમે આમ સૂરણની ગાંઠ જેવાં શું પડ્યા રહો છો? દોડતાં શીખો. કૂદકા મારો નહીં તો ડાઘિયો કૂતરો તમને ખાઇ જશે.''

ડબુ કહે, 'પ્રિય દેડકીઓ હજી તમે મને ઓળખતા નથી. મારું જાડું-પાડું શરીર જોઇ ઘણા ડરના માર્યા ભાગી જાય છે. સાપ જેવો સાપ પણ તમને ગળી જાય. ડાઘિયો તમને ખાઇ જાય, પણ આપણને કોઇની બીક નથી'. બાજુમાં ઊભેલો ડાઘિયો ડબુની ડંફાસ સાંભળતો હતો. તેણે એકદમ, તરાપ મારી ડબુને મોંમાં પકડી લીધો.

ડાઘિયો તેને લઇને આમથી તેમ દોડવા લાગ્યો. ડબુ ચીસો પાડવા લાગ્યો. દેડકીઓએ પણ બૂમરાણ મચાવી દીધી. પશા પટેલ બધું જોતા હતા. તેમને દયા આવી. તેઓ લાકડી લઇને દોડ્યા. ડાઘિયાના મોંમાંથી ડબુને છોડાવ્યો. ડબુ પશા પટેલનો આભાર માનવા લાગ્યો.

પશા પટેલે તેને શિખામણ આપતાં કહ્યું, 'દોસ્ત ડબુ ડંફાસ મારવાની છોડી દઈ મહેનત કર. હરવા-ફરવાનું રાખ. આજે તને મેં મોતના મોમાંથી બચાવ્યો છે પણ ફરીથી તને કોઇ નહીં બચાવે. માટે તું આજથી જ સુધરી જા.' ડબુએ રડતાં રડતાં કહ્યું, 'હવે હું ડંફાસ નહીં મારું. તમારા સૌની જેમ મહેનત કરીને જીવીશ.'

**91.** દેડકાનું નામ શું હતું?

(1) ડબું

(2) કબુ

(3) લબુ

(4) બબુ

**92.** વાડામાં રહેતા બીજા દેડકા તેને કઈ રીતે સંબોધન કરતા હતા?

(1) પાવલીયાંનો પીર

(2) પાલસુનો પીર

(3) આળસુનો પીર

(4) બોલસુનો પીર

https://www.freshersnow.com/previous-year-question-papers/

**93.** ચોમાસું આવવાથી શું થયું?

(1) મહેક થઇ ગઈ

(2) મોર ટહુકવા લાગ્યા

(3) ભીનાશ થઇ ગઈ

(4) ઠંડક થઇ ગઈ

**94.** દેડકીઓએ દેડકાંને શું કહ્યું?

(1) પૂરણની જેમ શું પડ્યા છો

(2) વાંસ માફક શું વધી ગયો છે

(3) સૂરણગાંઠ જેમ શું પડયા છો?

(4) તમે તો બહાદૂર-છો

**95.** ડાઘીયા કૂતરાએ શું કર્યું?

(1) ભસવા લાગ્યો

(2) તરાપ મારી

(3) દૂમ દબાવીને ભાગ્યો

(4) દોડવા લાગ્યો

**96.** પશા પટેલ શું કરતા હતા?

(1) દેડકાની દશા જોતા હતા

(2) દયા ખાતા હતા

(3) હસતા હતા

(4) ચાલતા જતા હતા

**97.** પશા પટેલે શું શિખામણ આપી?

(1) આરામથી રહેવું

(2) અભિમાન ન કરવું

(3) મહેનત કરવી અનિવાર્ય છે

(4) કૂતરાથી દુશ્મની ન કરવી

**98.** પશાભાઇએ ક્યારથી સુધરી જવાનું કહ્યું?

(1) આજથી જ શરૂ કર

(2) આવતા વર્ષે સુધરી જજે

(3) દેડકીને પૂછી લેજે

(4) કૂતરાથી દૂર રહેજે

**99.** ડબુએ અંતે શું કહ્યું?

(1) દેડકીને પૂછી લઈશ

(2) કૂતરાથી દૂર રહીશ

(3) હવે હું ડંફાશ નહિ મારું

(4) કૂતરાથી દૂર રહીશ

https://www.freshersnow.com/previous-year-question-papers/

**સૂચના:** નીચેની કવિતા વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (પ્રશ્ન **100–105**) :

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત!
ઉત્તર દક્ષિણ પૂર્વ કે પશ્ચિમ, જ્યાં ગુર્જરના વાસ;
સૂર્ય તણાં કિરણો દોડે ત્યાં, સૂર્ય તણો જ પ્રકાશ.
જેની ઉષા હસે હેલાતી, તેનાં તેજ પ્રફુલ્લ પ્રભાત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!
ગુર્જર વાણી, ગુર્જર લહાણી, ગુર્જર શાણી રીત,
જંગલમાં પણ મંગલ કરતી, ગુર્જર ઉદ્યમ પ્રીત.
જેને ઉર ગુજરાત હુલાતી, તેને સુરવન તુલ્ય મિરાત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!
કૃષ્ણ દયાનંદ દાદા કેરી પુણ્ય વિરલ રસ ભોમ;
ખંડ ખંડ જઈ ઝૂઝે ગર્વે કોણ જાત ને કોમ.
ગુર્જર ભરતી ઉછળે છાતી ત્યાં રહે ગરજી ગુર્જર માત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!
અણકીધાં કરવાના કોડે, અધૂરાં પૂરાં થાય;
સ્નેહ, શૌર્ય ને સત્ય તણા ઉર, વૈભવ રાસ રચાય.
જય જય જન્મ સફળ ગુજરાતી, જય જય ધન્ય અદલ ગુજરાત!
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!

**100.** ગુર્જરીના મહેલો ક્યાં ક્યાં છે?

(1) જ્યાં ગુજરાતીઓ વ્યવસાય કરે છે

(2) જ્યાં ગુજરાતી વસે છે

(3) જ્યાં ગુજરાતી બોલાય છે

(4) જ્યાં ગુજરાતી ભણાવાય છે

**101.** સૂર્યના કિરણો ચારે દિશામાં દોડી રહ્યા છે કારણ કે

(1) સૂર્ય બરાબર મધ્યાહ્ને આવ્યો છે

(2) પૂર્વમાં સૂર્યોદય થાય છે

(3) ગુર્જરોનો વસવાટ ચહુદીશ છે

(4) સૂર્ય પશ્ચિમમાં અસ્ત થાય છે

**102.** ગુજરાતીઓની રીત શાણી ગણાય છે કેમ કે

(1) ગુજરાતી મધુર ભાષા છે

(2) ગુજરાતીઓ ધનવાન છે

(3) ગુજરાતીઓ ઉદ્યમી સમુદાય છે

(4) ગુજરાતીઓ સંગીતપ્રિય છે

**103.** ગુજરાત ક્યા મહાપુરુષોની ધરતી છે?

(1) કૃષ્ણ અને અન્ય મહામનાઓની

(2) મુનશી અને મેઘાણી જેવા સર્જકોની

(3) ચાણક્ય અને ચંદ્રગુપ્તની

(4) અર્જુન અને પાંડવોની

**104.** ગુજરાત કાયમ માટે ક્યાં ક્યાં છે?

(1) સમગ્ર વિશ્વમાં

(2) ભારતવર્ષમાં

(3) પશ્ચિમ ભારતમાં

(4) જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં

**105.** કવિને માટે જન્મ સફળ છે કેમ કે

(1) ગુજરાતમાં જન્મ્યા છે

(2) ગુજરાતીના કવિ છે

(3) ગુજરાત પવિત્ર ભૂમિ છે

(4) પારસીઓને આશરો મળ્યો છે

**સૂચના:** યોગ્ય વિકલ્પ પસંદ કરીને નીચેના સવાલોના જવાબ આપો (પ્રશ્ન **106–120**) :

**106.** વિદ્યાર્થી જ્યારે અર્થઘટનની પ્રક્રિયા દ્વારા પ્રત્યાયનક્ષમતા પ્રાપ્ત કરે ત્યારે તેઓ...

(1) શબ્દકોશના નિયમિત ઉપયોગ દ્વારા શબ્દોના ચોક્કસ અર્થ શીખે છે અને તેનો ઉપયોગ કરે છે

(2) માહિતીની આપ-લે કરે છે, વધુ સ્પષ્ટતાઓ ચાહે છે અને પુનઃવાક્યરચના દ્વારા સમજણ પ્રાપ્ત કરે છે

(3) વ્યાકરણ સંરચનાનો ઉપયોગ કરે છે

(4) પોતાના પાઠ્યક્રમને લગતા પ્રશ્નોની શિક્ષક સાથે ચર્ચા કરે છે

**107.** નીચે મુજબની ભાષાક્ષમતા આ પ્રમાણેના ક્રમમા પ્રાપ્ત કરી શકાય છે:

(1) શ્રવણ-બોલવું-વાચન-લેખન

(2) શ્રવણ-વક્તવ્ય-વાંચન-લેખન

(3) શ્રવણ-વાચન-વક્તવ્ય-લેખન

(4) વક્તવ્ય-શ્રવણ-વાચન-લેખન

**108.** ભાષાશિક્ષણ વધુ સરળતાથી પામી શકાય, જો વિદ્યાર્થીઓ...

(1) માતૃભાષાનાં ઉચ્ચારો અને વ્યાકરણને આત્મસાત કરી શક્યા હોય

(2) તેમની કોલેજમાં પ્રવેશ મેળવવાની ક્ષમતા વધી જાય છે

(3) જીવનમૂલ્યો અને લક્ષ્યની બાબતમાં સ્પષ્ટ હોય

(4) જો નિયંત્રિત વર્ગખંડના વાતાવરણમાં શીખ્યા હોય

**109.** આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ સંભવિત જવાબો શીર્ષક સાથે શોધી કાઢવાના હોય છે ત્યારે ધ્વનિમુદ્રણ સંભળતા પહેલા શું તારણ આવી શકે?

(1) તથ્યોની ચકાસણી કરે છે

(2) જવાબો કલ્પે છે

(3) ખૂટતી માહિતી ભરે છે

(4) ઈનપુટની સામગ્રીની ભવિષ્યવાણી કરે છે

**110.** કેવળ બોલવા ખાતર બોલવાનું વિદ્યાર્થીઓને ખૂબ ગમે છે. આ પ્રવૃત્તિને વધુ હેતુલક્ષી કઈ રીતે બનાવી શકાય?

(1) સાચા ભાષાઢાંચા પર અને ઉચ્ચાર પર ધ્યાન આપવાથી

(2) લેખન/વાંચન દ્વારા આ પ્રવૃત્તિને સંકલિત કરીને

(3) તેમને પ્રવૃત્તિના અંતે કોઈ એક કામ પૂરું કરવાની પ્રેરણા આપીને

(4) શબ્દભંડોળની એક નિર્ધારિત સૂચિનો ઉપયોગ કરવાનું કહીને

**111.** માનવીને વિચાર અને પ્રત્યાયનને જોડતી બુનિયાદી કડી કઈ છે?

(1) સ્વરસંધાન અને ધ્વનિસંધાન

(2) ઉચ્ચાર અને સ્વરભાર

(3) વ્યાકરણગત સંરચના

(4) ઉચ્ચાર અને સ્વરાઘાત

https://www.freshersnow.com/previous-year-question-papers/

**112.** વિડિયો દ્વારા શિક્ષક વ્યાકરણ સંરચના અને નિયમો દર્શાવે છે જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ પ્રભાવક લેખન અને સંભાષણ માટે કરે છે. આ અભિગમને શું કહેવાય?

(1) અનુમાનજન્ય (ઇન્ડકટીવ)

(2) તાર્કિક (ડિડકટીવ)

(3) રીડકટીવ

(4) કન્ટ્રકટીવ

**113.** વિદ્યાર્થીઓના લેખનકાર્યની ભૂલો સુધારવાનું કામ વધુ અસરકારક બની શકે જો શિક્ષક...

(1) સુધારેલા શબ્દો બોર્ડ પર લખે તો

(2) ખોટા જવાબોને સાચા શબ્દોથી સુધારે

(3) પ્રતીકોના ઉપયોગ દ્વારા મોટી ભૂલોને દર્શાવે જે વિદ્યાર્થી સુધારે

(4) જ્યાં સુધી વિદ્યાર્થી ભૂલો બંધ ન કરે ત્યાં સુધી વધુ કઠિન કામ સોંપે

**114.** બીજી અને ત્રીજી ભાષાની પ્રસ્તુતિ વર્ગખંડમાં કે વર્ગની બહાર સાંભળવાનું વિદ્યાર્થીઓને હંમેશા મુશ્કેલ લાગતું હોય છે. આ માટે નીચેનામાંથી કયુ સહાયક બને?

(1) બીજી/ત્રીજી ભાષાના સહાયક વર્ગોની સંખ્યા વધારવી

(2) ભાષાના વધુ ઉપયોગની પ્રેકટિસ કરવી

(3) તેમની પ્રથમ ભાષાથી વધુ નજીક હોય તેવી ભાષા પસંદ કરવી

(4) ફક્ત સ્થાનિક ભાષા દ્વારા જ ભણાવવા

**115.** વાચનપ્રવૃત્તિ દરમ્યાન વિદ્યાર્થીનો સામનો અપરિચિત શબ્દો સાથે થાય ત્યારે તેમણે... જેથી સમગ્ર વાક્ય કે પાઠનું સાચું અર્થઘટન કરી શકાય

(1) શબ્દનો અર્થ સત્વરે પામવા માટે ડીક્ષનરીનો ઉપયોગ કરવો જોઈએ

(2) સહાધ્યાયી અથવા શિક્ષકને પૂછવું જોઇએ

(3) શબ્દનો અર્થ પામવા માટે ઉપલબ્ધ માહિતીને એના સંદર્ભમાં તપાસવી જોઇએ

(4) સરળ વાચના કે પથનો જ ઉપયોગ કરવો જોઇએ

**116.** પરિચ્છેદ વાચનનું ઉચ્ચ સ્તર શેના દ્વારા સ્પષ્ટ થાય છે?

(1) મુદ્દાલેખન, પાઠના ચાવીરૂપ શબ્દોની નોંધ અને પાઠના વિવિધ અર્થઘટન

(2) વિદ્યાર્થીઓની પોતાની શબ્દાવલી ને પાઠના ચાવીરૂપ શબ્દોનું પુનર્લેખન

(3) વિદ્યાર્થીની શબ્દાવલીનું પુનર્લેખન, પાઠમાંથી અપૂર્ણ વાક્યોનો પ્રયોગ અને પાઠના વિવિધ અર્થઘટન

(4) વિદ્યાર્થીઓના શબ્દનું પુનર્લેખન, પાઠના પૂર્ણ વાક્યો અને ચાવીરૂપ શબ્દોનો પ્રયોગ અને પાઠના વિવિધ અર્થઘટન

**117.** લેખનપરિચ્છેદના મૂલ્યાંકનનું પ્રથમ પરિમાણ એટલે...

(1) સ્વાભાવિકપણે જ, નિર્ધારિત શબ્દસંખ્યા

(2) સામગ્રી અને વિચારોની પ્રસ્તુતતા

(3) શબ્દભંડોળની સમૃદ્ધિ

(4) વ્યાકરણગત ઢાંચો

**118.** ભાષા શીખતી વખતે... સૂચનાઓ દ્વારા સ્વતંત્ર અભ્યાસ માટેની તક સાંપડે છે, વ્યાપક સંદર્ભસામગ્રી પ્રવૃત્તિ દ્વારા થયેલી ઉપલબ્ધિનો પ્રતિભાવ મળે છે

(1) પ્રોગ્રામ્ડ

(2) કમ્પ્યુટર એઇડેડ

(3) ડાઇરેક્ટ

(4) ડીસ્ટન્સ

**119.** સ્થાનિક અથવા માતૃભાષા બોલતા અને લક્ષ્યભાષા બોલતા દ્વિભાષી વિદ્યાર્થીઓના વર્ગને શા કારણે આનો લાભ મળે છે?

(1) લક્ષ્યભાષા શીખતા વિદ્યાર્થીઓને અન્ય ભાષા શીખવાની પ્રેરણા મળે છે

(2) અલગ અલગ પ્રોજેક્ટ વર્ક કરવાની તક મળે છે

(3) દરેક ભાષામાં વધુ પ્રવૃત્તિ કરવાની પદ્ધતિને યોગ્ય ઠેરવે છે

(4) વર્ગમાં ઓછી ખલેલ પહોંચે છે કેમ કે વિદ્યાર્થીઓ ઓછી વાતો કરે છે

**120.** વિદ્યાર્થી જો સંચિત ભાષાજ્ઞાનનો પૂરો ઉપયોગ ન કરી શકતો હોય, શબ્દોના વિવિધ અર્થો તારવવામાં અને વાક્યોના અનુવાદ કરવામાં મુશ્કેલી અનુભવતો હોય તો તેનું નિરાકરણ આ પ્રમાણે થઇ શકે:

(1) ઉચ્ચ ક્ષમતા ધરાવતા વિદ્યાર્થી સાથે તેને જોડી આપવો

(2) કાળજીપૂર્વક ઘડી કઢાયેલું કામ આપવું જેમાં સાદા-સરળ-સંકુલ-વાક્યો આવતા હોય

(3) આ એસાઇનમેન્ટ પૂરું કરવા તેને વધુ સમય આપવો

(4) તેમનો આત્મવિશ્વાસ વધારવા માટે સરળ એસાઇનમેન્ટ આપવા

https://www.freshersnow.com/previous-year-question-papers/

પરીક્ષાર્થી નિમ્ન ભાગના સવાલોના જવાબ ત્યારે જ આપે જ્યારે તેમણે ભાષા—**II**નો વિકલ્પ ગુજરાતી પસંદ કર્યો હોય →

https://www.freshersnow.com/previous-year-question-papers/

## ભાગ—V : ભાષા—II

## ગુજરાતી

*સૂચના:* નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (પ્રશ્ન **121–129**):

એક બાદશાહ હતો. સિંહાસન પર બેસતાં જ તેને પોતાનો ખજાનો વધુ સમૃદ્ધ બનાવવાનો વિચાર આવ્યા કરતો. એક વાર એક જાસૂસે આવીને બાદશાહને કહ્યું કે: 'દક્ષિણ તરફ એક એવો દેશ છે, જ્યાંના રહેવાસીઓ સૌથી વધુ સુખી અને સમૃદ્ધ છે. એ દેશની માટીય સોનાની છે!'

'સોનાની માટી!' બાદશાહની આંખો પહોળી થઈ ગઈ. એણે એ દેશને લૂંટવાની યોજના બનાવી.

સોનાની માટીવાળો દેશ જીતવાની તાલાવેલીમાં બાદશાહે ઉતાવળ કરી અને દક્ષિણ તરફ કૂચ કરવાનો હુકમ આપ્યો. બાદશાહના હુકમ મુજબ લશ્કર તૈયાર થઈ ગયું.

બીજે દિવસે બાદશાહ લાવલશ્કર સાથે આગળ વધ્યો. ઘણા દિવસો વીતી ગયા. ખૂબ જ યાતનાઓ વેઠીને લશ્કર તથા રાજા એ સુંદર દેશમાં આવી પહોંચ્યા. લશ્કર પૂરા જોશથી એ દેશ જીતી લેવા આગળ વધ્યું. એ દિવસોમાં એ દેશ નાનાંનાનાં રાજ્યોમાં વહેંચાયેલો હતો. એક જ મોટા દેશનાં અલગ-અલગ રાજ્યો પર અલગ-અલગ રાજાઓનું રાજ્ય હતું. લશ્કરે આ નાનાં નાનાં રાજ્યો જીતી લીધાં. એ રાજ્યોના રાજાઓને કેદ પકડીને બાદશાહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. બાદશાહે તેમને પૂછ્યું : 'ક્યાં છે સોનાની માટી?'

'સોનાની માટી!' બધા એકબીજાનાં મોઢાં જોવા લાગ્યાં. એક રાજાએ હિમ્મત કરીને કહ્યું : 'અહીં તો આવી કોઈ માટી નથી.'

'તમે લોકો જૂઠું બોલો છો.' બાદશાહે કહ્યું, 'અમે સાંભળ્યું છે કે આ દેશ સોનાની માટીવાળો છે. અમે તમને છોડી મૂકવા તૈયાર છીએ. પણ તમે અમને સોનાની માટી બતાવો એ શરતે.' કેદ થયેલા રાજાઓએ ફરી વાર એકબીજા સામે જોયું. આટલાં વર્ષોથી રાજ્ય કરવા છતાં એમણે ક્યારેય સોનાની માટીનાં દર્શન કર્યાં ન હતાં. રાજાઓએ કહ્યું : 'મારા જાસૂસો કદી ખોટા હોય નહિ. તમારે સોનાની માટી બતાવવી જ પડશે.' આખરે એક રાજાએ ધીમેથી કહ્યું : ''હુઝૂર, આપને કોઇએ ખોટી માહિતી આપી છે, અહીં એવું કાંઈ જ નથી''. બાદશાહે કહ્યું : 'મને એ સોનાની માટીની ખબર છે. ચાલો, હું તમને સોનાની માટી બતાવું.' રાજાએ બાદશાહને પોતાની સાથે આવવા કહ્યું. બંને એક લીલીછમ વાડીમાં પહોંચ્યા, રાજાએ ખેતરની જમીન તરફ આંગળી ચીંધીને કહ્યું : 'આ રહી સોનાની માટી. બાદશાહે ગુસ્સે થઈને કહ્યું:

'આ સોનાની માટી છે? આ?'

''જી હજૂર, આ જ સોનાની માટી છે, આ માટીમાં જ અનાજ થાય છે, જેની કિંમત સોનાથી પણ વધુ ગણાય. અહીંના ખેડૂતો લગનથી માટીમાં પોતાનો પરસેવો ભેળવીને માટીને સોનાની બનાવે છે. તમે જે સોનાની માટીની તલાશમાં અહીં સુધી આવ્યા છો, તે આ જ છે.'' બાદશાહ વિચારમાં પડી ગયો. તેને હવે સમજાયું કે ખેડૂત જો મહેનત કરે તો દરેક દેશની માટી પણ સોનું ઉગાડી શકે. તરત જ બાદશાહ પોતાના દેશ તરફ પાછા વળવાની તૈયારી કરવા લાગ્યો.

**121.** બાદશાહને કેવા વિચાર આવતા હતા?

(1) સોના અને ચાંદીના શસ્ત્રોના

(2) પોતાનો પરાજય થાય છે તેવા

(3) લડાઈ કરવાના

(4) પોતાની મંજુષા વધારે સમૃદ્ધ કરવાના

https://www.freshersnow.com/previous-year-question-papers/

**122.** જાસૂસે આવીને બાદશાહને શું માહિતી આપી?

(1) રાજ્ય પર ચડાઈ થઇ રહી છે

(2) એક દેશ સંપત્તિવાન છે

(3) ખજાનો ખાલી થઇ ગયો છે

(4) દુશ્મનો આક્રમણ કરશે

**123.** બાદશાહે કૂચ કરવાનો હુકમ આપ્યો કેમ કે

(1) જાસુસ પર તેને ભરોસો ન હતો

(2) તે સલામત જગ્યાએ જવા ચાંહતો હતો

(3) તેને સોનાની માટીવાળી દેશ લૂંટવો હતો

(4) તેનું લશ્કર સજ્જ હતું

**124.** બાદશાહના લશ્કરે રસ્તામાં શું કર્યું?

(1) ઘણા દેશોમાં આરામ કર્યો

(2) ઘણી યાતના વેઠી

(3) લશ્કર હારી ગયું

(4) નાના રાજ્યો જીતી લીધા

**125.** બાદશાહે રાજાઓને શું પ્રશ્ન કર્યો?

(1) માટીમાંથી સોનું કેમ બનાવી શકાય?

(2) સોનાની માટી કેવી હોય છે?

(3) ખેતીકામ માટે માટી ક્યાં મળે?

(4) ખેડૂત ખેતી કેમ કરે છે

**126.** રાજાએ સાચું જ કહ્યું કારણ કે...

(1) દુશ્મનોને સોનું તે બતાવવા માંગતો ન હતો

(2) ખજાનો સોનાનો જ છે

(3) ખેતી જ સોનું છે

(4) માટી ખરેખર સોનાની ન હતી

**127.** બાદશાહ સાચું માનતો ન હતો કારણ કે

(1) દુશ્મનોથી તે ડરતો ન હતો

(2) તેને સોનાની લાલચ હતી

(3) ખેતીકામમાં તેને રસ હતો

(4) તેને પોતાની જાસૂસીમાયા પર ભરોસો હતો

**128.** રાજાએ આપેલી સમજુતી સાચી હતી કેમ કે

(1) ખજાનો સોનાથી ભરવો ન જોઇએ

(2) મહેનતથી જ માટી સોનું બની જાય છે

(3) ખેડૂતોને સાચવવા જોઇએ

(4) આક્રમણ ન કરવું જોઇએ

**129.** બાદશાહને સમજાયું હતું કે...

(1) કિસાનોની મહેનત જ સોનું ઉગાડી શકે

(2) ખેડૂતોને જમીન ન અપાય

(3) પરિશ્રમ જ સોનું છે

(4) ખજાનો ખાલી ન થવા દેવાય

*સૂચના:* નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (પ્રશ્ન **130–135**) :

જિંદગી એકદમ સુખમાં અને આનંદમાં પ્રસાર થતી હોય એ કોને ન ગમે? બધા જ માણસો સુખ મેળવવા દોડી રહ્યા છે. આમ છતાં, કેટલા માણસો સુખી છે? દુનિયામાં તમને જાતજાતનાં દુઃખો જોવા મળશે. કોઈ ગરીબ છે, સખત મહેનત કરવા છતાં પેટપૂરતું ખાવા નથી મળતું, કોઈને માંદગી પીછો નથી છોડતી, કોઈને વારસામાં દિકરો કે દિકરી નથી. કોઈ પૈસાપાત્ર હોવા છતાં દિકરો કહ્યામાં નથી, કોઈ વહુને સાસુની સતામણીનું દુઃખ છે, કોઈને સારું ભણવા છતાં સંતોષકારક નોકરી કે ધંધો નથી મળતો. આમ, જાતજાતનાં દુઃખોથી માણસ ઘેરાયેલો દેખાશે.

તો સુખેથી કોણ જીવે છે? શું, જિંદગીમાં સુખ હોય જ નહિ? ના, ના, એવું જરાય નથી. તમારે સુખેથી અને આનંદમાં જીવવું હોય તો કોણ રોકે છે? મોટા ભાગનાં દુઃખો તો માણસ જાતે જ ઉભા કરે છે અને દુઃખી થાય છે. તમારે સુખમય જિંદગી જીવવી છે? તો તમારો જીવવાનો રાહ બદલો. આ માટે થોડાં સૂચનો અંગે ગંભીરતાથી વિચારો અને જીવવાનો નવો રસ્તો આપનાવો. પછી જુઓ કે જિંદગીમાં સુખ જ સુખ છે કે નહિ. આ રહ્યાં સૂચનો.

*જીવનનું ધ્યેય નક્કી કરો. તમારે જીવનમાં શું મેળવવું છે, તમારે શું બનવું છે, એ સ્પષ્ટપણે નક્કી કરો. તમારે સારું ભણીને પ્રોફેસર બનવું જ છે? તમારે કાપડ ઉત્પાદન માટેની મીલ ઉભી કરવી છે? તમારે સારા, નામાંકિત ડોક્ટર બનવું છે? તમે નેતા બનીને દેશસેવા કરવા માગો છો? તમારે જે કંઇ બનવું હોય તે, વિદ્યાર્થી ઉમરમાં જ નક્કી કરી લો.

*પોતાની જાત માટે આત્મવિશ્વાસ કેળવો.

પોતાની જાતને ક્યારેય નીચી માનશો નહિ. જાત પર પૂર્ણ ભરોસો રાખો. તમારું મન તમે નક્કી કરેલા ધ્યેયને પ્રાપ્ત કરવા હંમેશા પ્રયત્નશીલ હોય છે. એટલે તમારી જાત પર વિશ્વાસ મૂકીને કામ કરતા રહો. તમે જરૂર સફળ થશો.

*જીવનમાં હમેશાં હકારાત્મક વલણ અપનાવો.

જીવનમાં ક્યારેય નિરાશ થશો નહિ. નિષ્ફળતા મળે તો પણ દુઃખી થશો નહિ. નિષ્ફળતામાંથી સફળતા મેળવવાનો રસ્તો જડી આવે છે. ભૂલોમાંથી માણસ શીખે છે. એટલે ક્યારેય નકારાત્મક વિચારો કરશો નહિં. ''ધોરણ 12 માં ખૂબ ઓછા ટકા આવ્યા, હવે હું એન્જીનીયર શી રીતે બનીશ? હવે મારું શું થશે?'' આવા વિચારો ના કરો. એને બદલે ઓછા ટકા આવ્યા તો બીજું શું કરી શકાય, એ વિચારો, એ રસ્તે આગળ વધો. એને હકારાત્મક વિચાર કહેવાય. એન્જીનીયરીંગ સિવાય બીજાં એટલાં બધાં ક્ષેત્રો છે કે જેમાં સિદ્ધિ મેળવી શકાય. એ જ રીતે, માંદગી, ગરીબી, મતભેદો, હેરાનગતિ, એ બધા પ્રસંગોમાં હકારાત્મક વલણ અપનાવી આગળ વધશો તો ક્યાંય દુઃખ નહિ રહે.

*હળવાશથી હસતા હસતા જીવો.

કોઈ પણ બનાવને હળવાશથી લો. કોઈ ખરાબ ઘટના બની હોય તેને બહુ ગંભીરતાથી લેશો તો દુઃખી દુઃખી થઇ જશો. એને બદલે એ ઘટનાને બહુ મહત્વ ન આપો. તો તેમાંથી બહાર આવવાનો રસ્તો જલ્દી જડી આવશે. દ્રઢ સંકલ્પવાળા માણસો દુઃખોથી ડરતા નથી, બલ્કે હસતા હસતા જિંદગી વિતાવે છે. તમે પણ એ રીતે જિંદગી જીવી શકો.

*તમારી સાથે સંકળાયેલા બધા લોકો સાથે પ્રેમથી વર્તો.

માનવ એ સામાજિક પ્રાણી છે. બધા સાથે સ્નેહ અને પ્રેમભાવથી વર્તીએ, તો ક્યાંય મતભેદ કે તકલીફો ઊભી નહિ થાય. દા. ત. કોઈ વિદ્યાર્થી પોતાને ન આવડતો દાખલો શિક્ષકને પૂછવા જાય ત્યારે શિક્ષક 'લાવ, શીખવાડી દઉં' એમ કહીને શીખવાડે તો બંનેનો ઘણો સમય બચી જાય, વિદ્યાર્થીને શિક્ષક પ્રત્યે આદર પેદા થાય, તેને સ્કુલ કે કોલેજમાં નિયમિત આવવાનું મન થાય અને શિક્ષક-વિદ્યાર્થી બંનેના મગજમાં શાંતિ રહે તે જુદું. આવી લાગણીસભર વાતચીત બધે જ થાય તો અશાંતિ અને દુઃખો કેટલાં બધાં દૂર થઇ જાય!

**130.** બધા લોકો શેના માટે દોડી રહ્યા છે?

(1) મનની શાંતિ માટે

(2) સુખપ્રાપ્તિ માટે

(3) રાષ્ટ્રભક્તિ માટે

(4) જીવનલક્ષ્ય માટે

https://www.freshersnow.com/previous-year-question-papers/

**131.** મનુષ્ય શેનાથી ગ્રસ્ત જણાય છે?

(1) જાતજાતના દુ:ખો દ્વારા

(2) સંપત્તિમોહ વડે

(3) ભ્રષ્ટાચાર અને સત્તાથી

(4) સ્નેહ અને સમૂહ વડે

**132.** મોટા ભાગનાં દુ:ખોનું સર્જન કોણ કરે છે?

(1) રાજકારણીઓ અને મૂડીવાદીઓ

(2) માનવ પોતે જ

(3) નાણાકીય તંગી અને આવક

(4) મંદગી અને સગાવહાલાં

**133.** આપણે સ્પષ્ટ રીતે શું નક્કી કરવાની જરૂર છે?

(1) માનવ ગરીબ જ હોય છે

(2) કરકસરથી જ જીવવું જોઈએ તે

(3) રાજનીતિથી દૂર રહેવું

(4) જીવનમાં શું પ્રાપ્ત કરવું છે તે

**134.** કોનાં પર ભરોસો રાખવાથી કામિયાબી સાંપડે?

(1) પોતાની જાત પર

(2) ભગવાન પર

(3) માલિક પર

(4) માતાપિતા પર

**135.** કેવા લોકો દુ:ખ વડે ભયભીત નથી થતા?

(1) શક્તિશાળી

(2) શ્રદ્ધાવાન

(3) મક્કમ સંકલ્પવાળા લોકો

(4) ગરીબ અને પ્રામાણિક

***સૂચના:*** યોગ્ય વિકલ્પ પસંદ કરીને નીચેના સવાલોના જવાબ આપો (પ્રશ્ન **136–150**) :

**136.** વિદ્યાર્થીઓ સ્વયં જ પોતાના જ્ઞાનના ઘડવૈયા છે. વર્ગખંડમાં આ સિદ્ધિ કઈ રીતે મેળવી શકાય?

(1) વિદ્યાર્થીઓને લક્ષ્યભાષામાં સઘન કામ કરવા માટે પ્રેરીને

(2) વિદ્યાર્થીઓની ક્ષમતા મુજબ તેમને અભ્યાસસામગ્રી ઉપલબ્ધ કરાવીને

(3) વ્યક્તિગત અને જૂથકાર્યોને પ્રોત્સાહન આપીને, જે તેમને શિક્ષણપ્રવૃત્તિમાં સહયોગ અને આદાનપ્રદાનની તક આપીને

(4) શિક્ષક દ્વારા વ્યક્તિગત નિરીક્ષણ કરીને તથા તેમના પ્રોજેક્ટવર્કને સુધારવા માટેના પ્રતિભાવ આપીને

https://www.freshersnow.com/previous-year-question-papers/

**137.** શિક્ષક એવું વાતાવરણ કઈ રીતે રચી શકે જેમાં વિદ્યાર્થીઓ સાહજિક રીતે લક્ષ્યભાષા બોલે અને અનુભવી બને?

(1) વિદ્યાર્થીઓ જેમાં સાહજિકતા અનુભવે તે ભાષા બોલવાની તક આપે

(2) સાહજિક રીતે બોલી શકાતી ભાષા દ્વારા વર્ગખંડમાં આદાનપ્રદાન કરવાની અને આ વાક્યોના પ્રયોગોમાં સુધારણા અને વૈવિધ્ય લાવવાની પ્રેરણા આપીને

(3) લિખિત અને મૌખિક ભાષાપ્રયોગના સાતત્યપૂર્ણ મૂલ્યાંકન દ્વારા

(4) દશ્યમાધ્યમના ઉપયોગ દ્વારા

**138.** આપણે કોઈ ભાષા નૈસર્ગિક રીતે શીખીએ છીએ ત્યારે આપણે શું કરીએ છીએ?

(1) ભાષાના રૂપને બદલે અર્થવત્તા પર વધુ ધ્યાન આપીએ છીએ

(2) માતાપિતાને સાંભળીએ છીએ

(3) ઇચ્છાનુસારી વાચન કરીને શીખેલા શબ્દભંડોળનો પ્રયોગ કરીએ છીએ

(4) પ્રભાવક પ્રત્યાયન પર ધ્યાન આપીએ છીએ

**139.** વિદ્યાર્થીઓને એક નિશ્ચિત ધ્વનિમુદ્રણ સાંભળીને તેની નોંધ તૈયાર કરવાનું કામ સોંપાય છે. આ પ્રવૃત્તિને ............ કહેવામાં આવે છે

(1) માહિતી રૂપાંતરણ

(2) પૂર્વાનુમાન

(3) સ્મૃતિસંકલન

(4) અર્થઘટનાત્મક

**140.** આ પ્રકારના પ્રશ્નો વર્ગમાં.... કૌશલ્ય કેળવવામાં સહાયક બને છે. વિદ્યાર્થી બોલે છે:

* ગયા સમાહાંતમાં તમે ખિસ્સાખર્ચીમાંથી શું ખરીદ્યું?

* તમારું શહેર શેના માટે પ્રસિદ્ધ છે?

* ઘરના કામમાં તમે કઈ રીતે મદદરૂપ થાઓ છો?

* તમારા શોખ વિષે કશુંક કહો.

(1) વક્તવ્ય

(2) લેખન

(3) શ્રવણ

(4) શબ્દભંડોળ

**141.** જ્યારે વિદ્યાર્થીઓ વ્યાકરણ અને ભાષાનમૂનાનું સંયોજન કરે ત્યારે તેઓ ક્યા કતારણ પર આવે છે?

(1) કે બુનિયાદી પ્રત્યાયનક્ષમતા કેળવવા માટે વ્યાકરણ અનિવાર્ય છે

(2) કે લેખનશૈલી વ્યાકરણથી પ્રભાવિત થાય છે

(3) કે આને કારણે તેમના પ્રત્યાયન અને પ્રત્યાયનક્ષમતાનો કલાત્મક વિકાસ થાય છે

(4) કે વ્યાકરણ શીખવાનું સૌથી અગ્રતાક્રમે હોવું જોઈએ

https://www.freshersnow.com/previous-year-question-papers/

**142.** લેખન એક સંકુલ અને પડકારરૂપ પ્રવૃત્તિ છે તેથી શિક્ષકે સૌપ્રથમ શેના પર ધ્યાન આપવું જોઈએ?

(1) વ્યાકરણગત ઢાંચાની સઘટન પ્રેક્ટીસ પર

(2) વ્યાકરણગત શુદ્ધિને બદલે વિદ્યાર્થિઓનો આત્મવિશ્વાસ વધારવા પર

(3) જેમાં ઓછું વ્યાકરણ હોય તેવું સરળ કામ આપવા પર

(4) અર્થના પ્રત્યાયન અંતે અનિવાર્ય એવો વ્યાકરણગત ઢાંચો શીખવવા પર

**143.** વ્યાકરણગત સૂચનાઓ ત્યારે અનિવાર્ય હોય છે જ્યારે...

(1) વિદ્યાર્થીઓ પોતાના લખાણ કે વક્તવ્યનું સંકલન અને ભૂલસુધાર કરતા હોય

(2) શિક્ષક ફક્ત ચોક્કસ કૌશલ્ય જ ભણાવતા હોય ત્યારે

(3) જ્યારે ઔપચારિક લેખન કે વક્તવ્ય પૂર્વે વ્યાકરણકાર્યને વધુ સમય આપવામાં આવ્યો હોય

(4) શિક્ષક સાતત્યપૂર્ણ રીતે નાના વ્યાકરણવર્ગો લેતા હોય ત્યારે

**144.** ભાષાશિક્ષણના અભિગમો ધ્યાનમાં લેતા, ભાષા સંબંધી સમસ્યાઓના વ્યવસ્થાપન માટે કઈ શિક્ષણપદ્ધતિનું ઉદાહરણ આપી શકાય?

(1) મુખર (લાઉડ)

(2) ક્વાંએટ (શાંત)

(3) મુદ્રણકેન્દ્રી (પ્રિન્ટ ઓરીએન્ટેડ)

(4) મુદ્દા આધારિત

**145.** એક પાઠ 'છોડ' પર આધારિત છે. શિક્ષક પાસે વિદ્યાર્થીઓના આ અંગેના અનુભવો વિશેના પ્રશ્નો છે. પાઠ પૂરો થયા પછી શિક્ષક વિદ્યાર્થીઓને જૂથોમાં વહેંચી દે છે અને તેમને મરચાનો છોડ દોરવાનું અને તેની વિગતોનું કોષ્ટક બનાવવાનું કામ સૌંપે છે. કામ પૂરુ થયા પછી દરેક જૂથનો પ્રતિનિધિ પોતાના ચિત્ર વિષે માહિતી આપે છે. આના દ્વારા વિદ્યાર્થીઓ ...

(1) છોડના ચિત્રણ અને કોષ્ટક દ્વારા જ્ઞાનપ્રાપ્તિ કરે છે

(2) એક પ્રક્રિયા/પદાર્થના વર્ણન માટે ભાષાના નિશ્ચિત સ્વરૂપનો પ્રયોગ કરે છે

(3) ફક્ત નં.1 મેળવે છે.

(4) નં.1 અને 2 મેળવે છે.

https://www.freshersnow.com/previous-year-question-papers/

https://www.freshersnow.com/previous-year-question-papers/

146. તથ્યકેન્દ્રી પાઠના વાચન કરતાં કવિતાપઠન તદ્દન ભિન્ન છે કેમ કે તેમાં વિદ્યાર્થી પાસેથી નીચેની અભિવ્યક્તિ અપેક્ષિત છે:

(1) વધુ બૌદ્ધિક અર્થઘટન

(2) કવિતામાં રહેલા સંદેશનું વસ્તુલક્ષી ને સંવેદનાગત અર્થઘટન

(3) સંવેદનાગત પ્રતિભાવ અને સંદેશના મૂલ્યાંકન તરફ લઇ જતું વધુ બૌદ્ધિક અર્થઘટન

(4) કવિતાની શૈલી અને કવિના સંદેશનું વધુ આસ્વાદન

147. કોઈ એક લેખના મૂલ્યાંકન વખતે એમાંની મહત્વની માહિતી આવરી લેતા સારને પુનરાવર્તન વિના લેખના ક્યાં હિસ્સામાંથી પ્રાપ્ત કરી શકાય છે?

(1) તારણમાંથી

(2) બીજા ફકરામાંથી

(3) મધ્યમાંથી

(4) પૂર્વભૂમિકામાંથી

148. લક્ષ્યભાષાના વર્ગખંડમાં ઉપયોગ અને ઉચ્ચારના વિશેષ સંદર્ભે ટેક્નોલોજી પ્રોત્સાહક બની શકે છે. આમાંથી કયું એનું સારું ઉદાહરણ નથી?

(1) પાવરપોઈન્ટ પ્રેઝેન્ટેશન દરમ્યાન કરાતું વર્ણન

(2) વ્હાઈટબોર્ડનો ઉપયોગ

(3) રોલ-પ્લે

(4) પોડકાસ્ટનું ધ્વનિમુદ્રણ અને શ્રવણ

149. માતૃભાષા બોલતા વિદ્યાર્થીઓની બહુમતિવાળા વિદેશી ભાષાના વર્ગખંડમાં બધા જ વિષયના શિક્ષકોએ જાગૃત રહેવું જોઇએ કે વિદ્યાર્થીઓ ...

(1) લક્ષ્યભાષા શિક્ષણ પ્રાપ્ત નહિ કરી શકે

(2) પાઠયસામગ્રી અને નવી ભાષા આદાનપ્રદાન દ્વારા શીખી રહ્યા છે

(3) વધુ અલગ વર્ગોની જરૂર અનુભવે છે

(4) નવી ભાષાનું કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે માતૃભાષાનો ઓછો ઉપયોગ કરે

150. લેખન વખતે વિદ્યાર્થી અભિવ્યક્તિમાં અપૂરતા શબ્દભંડોળને કારણે મુશ્કેલી અનુભવે તો એનું સંભવિત નિરાકરણ આ હોય :

(1) લક્ષ્યભાષા શિક્ષણ પ્રાપ્ત નહિ કરી શકે

(2) પાઠયસામગ્રી અને નવી ભાષા આદાનપ્રદાન દ્વારા શીખી રહ્યા છે

(3) વધુ અલગ વર્ગોની જરૂર અનુભવે છે

(4) નવી ભાષાનું કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે માતૃભાષાનો ઓછો ઉપયોગ કરે

https://www.freshersnow.com/previous-year-question-papers/

**SPACE FOR ROUGH WORK**

***આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :***

1. દરેક પ્રશ્ન માટે આપેલા ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ. એમ. આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-2 માં એક જ વૃત્તને બ્લૂ/કાળાં બૉલ પોઇંટથી જ ભરવું. એક્વાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.

2. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તર-પત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારિલ જગ્યા સિવાય બીજે કયાંય ન લખે.

3. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરવો, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.

4. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.

5. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હોલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઇલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.

6. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.

7. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન છોડવું નહિ.

8. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીએ પરીક્ષા હોલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર હાજરીપત્રમાં સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેણે ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.

9. ઇલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.

10. પરીક્ષા હોલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.

11. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.

12. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી કક્ષ/હોલ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. *પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.***

https://www.freshersnow.com/previous-year-question-papers/

**READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY :**

1. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with Blue/Black Ballpoint Pen on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
2. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
3. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
4. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet/Answer Sheet in the Attendance Sheet.
5. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the Examination Hall/Room.
6. Each candidate must show on demand his/her Admit Card to the Invigilator.
7. No candidate, without special permission of the Superintendent or Invigilator, should leave his/her seat.
8. The candidates should not leave the Examination Hall without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet a second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case.
9. Use of Electronic/Manual Calculator is prohibited.
10. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
11. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
12. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Room/Hall. *The candidates are allowed to take away this Test Booklet with them.***

**निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :**

1. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर-पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह नीले/काले बॉलपॉइंट पेन से भरें। एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है।
2. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर-पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ। परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें।
3. परीक्षा पुस्तिका एवं उत्तर-पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर-पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी।
4. परीक्षा पुस्तिका/उत्तर-पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाजिरी-पत्र में लिखें।
5. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-कार्ड के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है।
6. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-कार्ड दिखाएँ।
7. अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें।
8. कार्यरत निरीक्षक को अपना उत्तर-पत्र दिए बिना एवं हाजिरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल नहीं छोड़ेंगे। यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाजिरी-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर-पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा।
9. इलेक्ट्रॉनिक/हस्तचालित परिकलक का उपयोग वर्जित है।
10. परीक्षा हॉल में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं। अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा।
11. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर-पत्र का कोई भाग अलग न करें।
12. परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी कक्ष/हॉल छोड़ने से पूर्व उत्तर-पत्र निरीक्षक को अवश्य सौंप दें। ***परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं।***

https://www.freshersnow.com/previous-year-question-papers/